જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૧/૨૦૨૨ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૫/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૮૪૨૬	૨૧૨	૭૮૬૩૮	૭૯૪૯૭	૧૯૮	૭૯૬૯૫
કુલ		૯૫૦૨૪	૨૧૨	૯૫૨૩૬	૧૦૪૦૨૬	૧૯૮	૧૦૪૨૨૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧	૪,૬૩,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૬૬	૧૦,૬૬,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૬૨ લીટર દેશી દારૂ, ૧૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૯૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૮૮/૨૦૨૨**

નિકોલઃ હાર્દીક જ્યંતીભાઈ પીપલીયા (ઉ.વ.૨૭) (રહે. દેવનંદન રેસીડેન્સી ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ તા.૧૩/૦૧/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હાર્દીક પીપલીયાને સ્માર્ટ ફોન લેવાનો હોઈ ગુગલ એપમાં સ્માર્ટ મોબાઈલ ફોન માટે સર્ચ કરતા ISTYLE PVT LTD નામની વેબ સાઈટ ખોલતા જેમાં રજીસ્ટ્રેશનનુ ઓપ્શન આવતા હાર્દીક પીપલીયા એ રજીસ્ટ્રેશન માટે માંગેલ વિગત ભરી હતી. ત્યારબાદ તા.૧૬/૦૨/૨૦૨૧ થી તા.૧૮/૦૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૦૬૫૧૪૯૩૩૧, ૭૦૬૫૧૪૮૬૨૪, ૬૩૯૯૪૬૧૧૨૧, ૬૩૯૯૬૮૫૧૨૧, ૯૫૮૨૩૨૭૨૧૧, ૬૩૯૯૪૪૧૧૨૧, ૭૮૩૦૩૬૫૧૫૮, ૬૩૯૬૩૨૨૯૯૬ ના ધારકોએ હાર્દીક પીપલીયાને ફોન કરી ISTYLE PVT LTD માંથી વાત કરતા હોવાની ઓળખ આપી અલગ-અલગ પ્રોસેસ જણાવી હાર્દીક પીપલીયા પાસેથી ઓનલાઈન રૂપિયા ૨૭,૧૦૦/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

અન્ડર ગ્રાઉન્ડ પાણીના ટાકામાં પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૮૯/૨૦૨૨**

નરોડાઃ પુજાબહેન ડો/ઓ વાઘજી ચૌહાણ (ઉ.વ.૨૨) (રહે. દુકાન નં-૧૦ ઉપર કલગી પાર્ક સોસાયટી સ્વામિનારાયણ મંદિર સામે નરોડા) તા.૧૩/૦૧/૨૦૨૨ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક અન્ડર ગ્રાઉન્ડ પાણીના ટાકામાંથી પાણી ભરતા હતા ત્યારે ટાકામાં પડી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુશકુમાર નાથાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૯૦/૨૦૨૨**

વટવાઃ યોગેશ ઇન્દ્રેશ તિવારી (ઉ.વ.૨૫) (૨હે. હરીઓમ પાર્ક સોસાયટી શ્યામવેદ ફ્લેટ પાસે વેદ હોસ્પિટલ પાછળ વટવા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૧/૨૦૨૨ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કરણસિંહ હમીરજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.